ISSN 2454-8596
www.vidhyayanaejournal.org
An International Multidisciplinary Research e-Journal

# શિક્ષણનું સમાજશાસ્ત્ર : એક વિશ્લેષણ

**કાજલબેન સી.કુકડિયા**

રીસર્ચ સ્કોલર

ભક્ત કવિ નરસિંહ મેહતા યુનિવર્સિટી જુનાગઢ

**ડો.એચ. એલ. બારડ**

રીસર્ચ સુપરવાઈઝર

એસો, પ્રોફેસર આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, માણાવદર

**સારાંશ:**

"…. to be essentially social in character and in its functions and that as a result the theory of education relates more clearly to sociology than any other science."

- Emile Durkheim.

શિક્ષણનું સમાજશાસ્ત્ર એ સમાજશાસ્ત્રની એવી શાખા છે જેસામાજિક વિકાસ અને ઉન્નતિ માટે બધી જ સામાજિક પ્રતિક્રિયાઓ અને આંતરિક પ્રક્રિયાઓનો અભ્યાસ કરે છે. શિક્ષણના સમાજશાસ્ત્રનો અભ્યાસ કર્યા વિના શિક્ષણનું સ્વરૂપ અને સમસ્યાનું સમાધાન લાવી શકાય નહિ. આમ,શિક્ષણનું સમાજશાસ્ત્ર એક એવું વિજ્ઞાન છે કે જે શિક્ષણ સંબંધી જરૂરી પ્રક્રિયા, જનસમુદાય,સંસ્થાઓ વગેરેનો અભ્યાસ કરે છે. જ્યોર્જ પેઈન (George Payne) જેને શિક્ષણના સમાજશાસ્ત્રના પિતા ગણવામાં આવે છે. જે તેના પુસ્તક 'The Principles of Educational Sociology' માં કહે છે કે શિક્ષણનો સામૂહિક જીવન પર અને સામૂહિક જીવનનો શિક્ષણ પર પ્રભાવ પડે છે. જ્યોર્જ પેઈનકહે છે કે વ્યકિતના સર્વાંગી વિકાસ માટે તેના પર અસર કરતી સામાજિક પ્રક્રિયાના પ્રભાવનો અભ્યાસ કરવો ખૂબ જ જરૂરી છે. જ્યોર્જ પેઈન ઉપરાંત જ્હોન ડ્યુઈ, મુરે, ફ્રેડરીક લીપ્લે, ડંકન, કોલ, મેકાઈવર, દુર્ખિમ જેવા સમાજશાસ્ત્રીઓએ પણ શિક્ષણના સમાજશાસ્ત્રના વિકાસમાં મહત્વપૂર્ણ યોગદાન આપેલ છે.જ્હોન ડ્યુઈ પોતાના પુસ્તક શાળા, સમાજ, જનતંત્ર અને શિક્ષામાં શિક્ષણના સમાજશાસ્ત્રનું મહત્વ સ્વીકારીને શિક્ષણને એક સામાજિક પ્રક્રિયા ગણી છે.

VIDHYAYANA

**કીવર્ડ**: શિક્ષણ, સમાજશાસ્ત્ર, શૈક્ષણિક સમાજશાસ્ત્ર

સમાજશાસ્ત્રીઓ મુખ્યત્વે શિક્ષણ પર સામાજિક પરિસ્થિતિઓ, શિક્ષણની પ્રક્રિયા અને સામાજિક પરીવર્તનમાં શિક્ષણની ભૂમિકા વગેરે પર પ્રકાશ પડે છે. સમાજની બધી જ બાજુઓ સમાજિક,આર્થિક, ધાર્મિક, રાજનૈતિક, સાંસ્કૃતિક શિક્ષણની પ્રક્રિયાને પ્રભાવિત કરે છે. હકીકતમાં કોઈ પણ સમાજની સંરચના,જરૂરિયાતો વગેરે તે સમાજની શિક્ષણની નીતિ પર આધાર રાખે છે. એસ.સી. દૂબેએ 'Education and The Future of Society' માં લખ્યું છે.

"There is deep connection between education and society. Education on one hand, carries the heritage of tradition from one generation to another and thus helps in maintaining the continuity of culture, on the other hand ecological changes motivate it to become a means of adaptation. Education becomes the medium to change in the aspect of itself."

આમ શિક્ષણ એક સામાજિક પ્રક્રિયા છે. જે નીચે મુજબના શિક્ષણના સામાજિક આધારબિંદુઓ પરથી ફલિત થાય છે.

- શિક્ષણના ઉદેશ્યો સમાજની જરૂરિયાતો મુજબ નક્કી થાય છે.
- શિક્ષણની પ્રક્રિયાના જુદા-જુદા અંગો સતત સમાજના સ્વરૂપથી પ્રભાવિત થાય છે.
- શિક્ષણનો આર્થિક ભાર સમાજમાંથી જ આવે છે.
- શિક્ષણની પ્રક્રિયાના ત્રણ અંગો –વિદ્યાર્થી, શિક્ષક અને અભ્યાસક્રમ સમાજના જ અંગો છે.
- શિક્ષણ પધ્ધતિઓ અને શિક્ષણના સામગ્રીનું નિર્માણ સમાજના સ્વરૂપ પર નિર્ભર હોય છે.
- શિક્ષણમાં આવતા પરીવર્તનો પણ સમાજની બદલાતી જરૂરિયાતો પર આધારિત હોય છે.

**શિક્ષણના સમાજશાસ્ત્રના ઉદેશ્યો**

હેરિંગ્ટનના મત મુજબ શિક્ષણના સમાજશાસ્ત્રના ઉદેશ્યો નીચે મુજબ છે.

- સામાજિક પ્રગતિ માટે શિક્ષક અને શાળાના કાર્યના સંદર્ભમાં જ્ઞાન પ્રાપ્ત કરવું.
- શાળાને અસર કરતાં સામાજિક પરિબળોનો અભ્યાસ કરવો.
- વિદ્યાર્થીઓને અસર કરતાં સામાજિક પરિબળોનું જ્ઞાન પ્રાપ્ત કરવું.
- સામાજિક, આર્થિક અને સાંસ્કૃતિક બાબતોને નજરમાં રાખી શિક્ષણનો સમાજલક્ષી અભ્યાસક્રમ તૈયાર કરવો.
- જુદી-જુદી સંશોધન પધ્ધતિનો ઉપયોગ કરીને શૈક્ષણિક સમાજશાસ્ત્રના હેતુઓની યર્થાથતા કરવી.
- લોકશાહી વિચારધારાનું જ્ઞાન પ્રાપ્ત કરવું.

VIDHYAYANA

**શિક્ષણનાં સમાજશાસ્ત્રનું ક્ષેત્ર** :

શિક્ષણનું સમાજશાસ્ત્ર નીચે મુજબની બાબતોનો અભ્યાસ કરે છે.

- શિક્ષક અને વિદ્યાર્થીઓના પરસ્પર સંબંધ.
- સમાજમાં શિક્ષકની ભૂમિકા.
- સામાજિક જરૂરિયાતો અને સમસ્યાઓ.
- વિદ્યાર્થી અને શાળા પર સામાજિક જીવનનો પ્રભાવ.
- સામાજિક પ્રક્રિયામાં પ્રેસ, રેડિયો અને સિનેમાનું મૂલ્યાંકન.
- વ્યકિત અને સમાજના વિકાસ માટે અભ્યાસક્રમમાંજરૂરી ફેરફાર.

- સામાજિક વિકાસ અને સામાજિક અંકુશના સાધનોનું મૂલ્યાંકન.
- જૂદી-જુદી સામાજિક વ્યવસ્થાનો પરસ્પર સંબંધ.

શિક્ષણનું સમાજશાસ્ત્ર અનેશિક્ષણનામાનસશાસ્ત્રને પણ ઊંડો સંબંધ છે. બંનેના અભ્યાસવસ્તુ એક જ છે. બંને શાસ્ત્ર શાળા, શિક્ષક, વિદ્યાર્થીઅને શિક્ષણનો અભ્યાસ કરે છે. બંને શાસ્ત્રવિદ્યાર્થીનો વિકાસ, વ્યકિતત્વ, વર્તનપર શાળાનો પ્રભાવ કેવો પડે છે. તેનો બારીક અભ્યાસ કરે છે. આમ છતાં શિક્ષણનું સમાજશાસ્ત્ર અનેશિક્ષણના માનસશાસ્ત્ર બંનેમાં ઘણો તફાવત છે,શિક્ષણનું માનસશાસ્ત્ર વિદ્યાર્થીને એક વ્યકિત તરીકે જુએ છે. શિક્ષણનું માનસશાસ્ત્ર વિદ્યાર્થીના મસ્તિકમાં શાળાનું વાતાવરણ,અભ્યાસક્રમ,અભ્યાસપધ્ધતિ, વગેરે મનોવ્યાપારો કે તરંગોનો અભ્યાસ કરે છે. શિક્ષણનું માનસશાસ્ત્ર વિદ્યાર્થીઓની બુધ્ધિ,યાદશક્તિની ખીલવણી માટે કેવી-કેવી અધ્યયન અને અધ્યાપન પધ્ધતિઓ અપનાવવી તેનો અભ્યાસ કરે છે. આમ શિક્ષણનું સમાજશાસ્ત્ર વિદ્યાર્થીને એક વ્યકિત તરીકે ના જોતાં સમગ્ર સમુદાય જેમકે શાળા, કુટુંબ, વિદ્યાર્થિઓની ભૂમિકા,વિદ્યાર્થીઓની અભ્યાસની ટેવો,તેની શૈક્ષણિક અપેક્ષાઓ વગેરેના અભ્યાસ પર ભાર મૂકે છે. આમ,બંને શાસ્ત્ર એકબીજા સાથે પરસ્પર જોડાયેલા છે. શિક્ષણનું સમાજશાસ્ત્ર અને શિક્ષણનું માનસશાસ્ત્ર વિદ્યાર્થીના વિકાસને સમજવા માટે જરૂરી છે.

**શિક્ષણ વ્યવસ્થા અને અન્ય પેટા વ્યવસ્થાઓ** :

શિક્ષણનું સમાજશાસ્ત્ર શિક્ષણવ્યવસ્થાને સમાજની એક પેટા શાખા તરીકે જુએ છે. સમગ્ર સમાજના ધ્યેયોની પ્રાપ્તિ અને જરૂરિયાતોને સંતોષવા સમાજમાં કેટલીક પેટા વ્યવસ્થાઓ ઉભી થાય છે.જે સમગ્ર સમાજના સંચાલનનું કાર્ય કરે છે. શિક્ષણ વ્યવસ્થા પણ એક આવી જ પેટા વ્યવસ્થા છે. જે સમાજના ધ્યેયો અને જરૂરિયાતોની પૂર્તિ કરે છે. શિક્ષણ વ્યવસ્થાનું મુખ્ય કાર્ય સામાજિક નિયંત્રણ, સામાજિક પરીવર્તન અને સાંસ્કૃતિક વારસાનું પેઢી દર પેઢી જાળવી રાખવાનું છે. શિક્ષણ સમાજમાં નવી પેઢીનું સમાજીકરણ સમાજને અનુરૂપ પરીવર્તન લાવે તેવી અપેક્ષા રાખવામા આવે છે. શિક્ષણના સમાજશાસ્ત્રના અભ્યાસક્ષેત્રમાં સમાજના ધ્યેયો અને જરૂરિયાતો શું છે? શિક્ષણવ્યવસ્થા સમાજને અનુરૂપ છે કે નહિ ? શિક્ષણવ્યવસ્થા સામાજિકયોગ્ય પરીવર્તનલાવે છે કે નહિ ? વગેરે બાબતોનો સમાવેશ થાય છે.

શિક્ષણવ્યવસ્થા અને સમાજની અન્ય પેટાવ્યવસ્થા જેવીકે કુટુંબ વ્યવસ્થા, રાજ્યવ્યવસ્થા, અર્થવ્યવસ્થા પણ પારસ્પરિક સંબંધથી સંકળાયેલ છે.વિદ્યાર્થીનું કુટુંબ પણ વિદ્યાર્થીના સામાજીકરણની પ્રક્રિયામાં ખૂબ જ મહત્વનો ભાગ ભજવે છે. વિદ્યાર્થી શાળામાં આવતા પહેલા અને શાળા સમય બાદ કુટુંબમાં જ રહે છે. આમ,કુટુંબ વિદ્યાર્થીના શાળા અને શિક્ષણ પ્રત્યેના વલણ,તેનું માનસિક અને બૌધ્ધિક ઘડતર,શૈક્ષણિક ઘડતરમાં મહત્વનો ભાગ ભજવે છે. વિદ્યાર્થી

શાળામાંથી નવીનતમ વિચાર અને મૂલ્યો સાથે જઈને કૌટુંબિક સંબંધો પર પ્રભાવ પાડી શકે છે. કુટુંબવ્યવસ્થા પણ શિક્ષણવ્યવસ્થાનું અવિભાજ્ય અંગ છે. જેનો અભ્યાસ શિક્ષણનું સમાજશાસ્ત્ર કરે છે.

સમાજની બીજી પેટા વ્યવસ્થા રાજ્યવ્યવસ્થા પણ શિક્ષણ વ્યવસ્થા સાથે પરસ્પર જોડાયેલ છે. રાજ્યવ્યવસ્થા એ સમગ્ર સમાજનું પ્રતિનિધિત્વ કરે છે. તે શિક્ષણ વ્યવસ્થાનું નિયંત્રણ કરે છે. સમાજના વર્ગોની આવશ્યતાઓને લક્ષમાં રાખીને ક્યાં વર્ગને કઈ શૈક્ષણિક જરૂરિયાત પૂરી પાડવી તે સમાજનો ક્યો વર્ગ કેટલૂ શિક્ષણ લઈ શકશે,શિક્ષણ સમાજમાં પરિવર્તન લાવી શકશે કે નહીં વગેરે બાબતોનો અભ્યાસ કરે છે. રાજ્યવ્યવસ્થાના પ્રતિનિધિઓ પણ સમાજનો એક ભાગ છે. તે સમાજના ક્યાં વર્ગમાંથી આવે છે ?સમાજના અન્ય વર્ગો પ્રત્યે તેનું વલણ કેવું છે ?તે ક્યાં હેતુથી શિક્ષણવ્યવસ્થાનું નિયંત્રણ કરે છે ?વગેરે પ્રશ્નોમહત્વના છે. આમ,રાજ્યવ્યવસ્થા શિક્ષણવ્યવસ્થા પર અગત્યની અસર પડી શકે છે.

સાંપ્રત જ્ઞાન અને તકનીકીના યુગમાં શિક્ષણ વ્યવસ્થા અને અર્થવ્યવસ્થાનો પણ અતૂટ સંબંધ છે. સમાજની જરૂરી સેવા,માલ-સામાનનું ઉત્પાદન અને વહેંચણી કે વિનિમય કરવો તે અર્થવ્યવસ્થાને ફાળે જાય છે. આ વિકસતી અર્થવ્યવસ્થાને સંભાળવા વિશિષ્ટ જ્ઞાન,કૌશલ્યો અને તાલીમયુક્ત માનવશક્તિ પૂરી પાડવાનું કામ શિક્ષણવ્યવસ્થા કરે છે. આમ,અર્થવ્યવસ્થાને વધુ વેગ આપવા અભ્યાસક્રમને અદ્યતન બનાવવા, નવા અભ્યાસક્રમ દાખલ કરવા,માહિતી અને તકનીકીમાં નવું જ્ઞાન સર્જન કરી શિક્ષણવ્યવસ્થા અર્થવ્યવસ્થામાં પરિવર્તન લાવે છે. આમ, અર્થવ્યવસ્થાનો શિક્ષણના પારસ્પરિક સંબંધનો અભ્યાસ કરવાનું કામ શિક્ષણવ્યવસ્થા કરે છે.

શિક્ષણ વ્યવસ્થા અને સામાજિક સ્તરવ્યવસ્થાના પારસ્પરિક સંબંધોનો અભ્યાસ શિક્ષણ વ્યવસ્થા કરે છે, સમાજમાં જુદા-જુદા સામાજિક સ્તરના બાળકો તેમની આર્થિક સધ્ધરતા અને બૌધ્ધિક ક્ષમતા મુજબ શિક્ષણ લેતા હોય છે. સામાન્ય રીતે ઉચ્ચ વર્ગના બાળકો નિમ્ન વર્ગના બાળકો કરતાં વધુ શિક્ષણ પ્રાપ્ત કરતાં હોય છે. પરંતુ આર.ટી.ઈ.-૨૦૦૯ અને નવી શિક્ષણનીતિ મુજબ હવેસમાજના બધા જ સામાજિક સ્તરના બાળકોને શિક્ષણ પ્રાપ્ત થાય છે. નીચલા વર્ગના બાળકોને પણ ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરી પોતાની વ્યકિતગત સિધ્ધી પુરવાર કરી શકે છે. આમ શિક્ષણવ્યવસ્થા વિદ્યાર્થી-શિક્ષકની આર્થિક અને સામાજિક સ્તરની પશ્ચાદ ભૂમિકાનો પણ અભ્યાસ કરે છે.

**શિક્ષણના સમાજશાસ્ત્રના અભ્યાસની અગત્યતા**

ડો. સર્વપલ્લી રાધાકૃષ્ણનને સાચું જ કહેલું છે કે "ભારતનું ભાવિ વર્ગખંડમાં ઘડાય છે." કોઈ પણ દેશના સર્વાંગી વિકાસ માટે શિક્ષણની મહત્વની ભૂમિકા છે. શિક્ષણઆપવાનું કામ જુદી-જુદી શિક્ષણ સંસ્થાઓ કરે છે. જેમકે શાળા,કોલેજ,યુનિવર્સિટી વગેરે આ બધીજ શિક્ષણ સંસ્થાઓને શિક્ષણનું સમાજશાસ્ત્ર માનવસમૂહોથી બનેલી એક સામાજિક વ્યવસ્થા તરીકે જુએ છે,જેમાં સંચાલકો, આચાર્ય,શિક્ષક, કર્મચારી, વિદ્યાર્થીઓનોસમાવેશ થાય છે. આ વિવિધ સમૂહોના

પારસ્પરિક સામાજિક સંબંધોનો અભ્યાસ શિક્ષણનું સમાજશાસ્ત્ર કરે છે. આ બધા સમૂહોની ભૂમિકા,સંચાલક અને આચાર્ય,આચાર્ય અને શિક્ષક, શિક્ષક અને વિદ્યાર્થી વચ્ચેનો સંબંધ, આ સમૂહોની પશ્ચાદભૂમિકા,અધ્યયન-અધ્યાપન શૈલી વગેરેનો અભ્યાસ શિક્ષણનું સમાજશાસ્ત્ર કરે છે. જેમાં શાળાનો વર્ગ પણ એક નાની સામાજિક વ્યવસ્થા છે.

**શિક્ષણનું સમાજશાસ્ત્ર અને શૈક્ષણિક સમાજશાસ્ત્ર**

સમાજશાસ્ત્ર અને શૈક્ષણિક સમાજશાસ્ત્ર ઘણી બાબતોથી જુદા પડે છે. સમાજશાસ્ત્ર સમગ્ર સમાજવ્યવસ્થાનો વૈજ્ઞાનિક પધ્ધતીથી અભ્યાસ કરે છે, સમાજશાસ્ત્ર માણસ-માણસ વચ્ચેની આંતરક્રિયાનો અને સંબંધોનો, તેમાંથી નિષ્પન્ન થતાં સામાજિક સંગઠનો અને તેની માનવીય જીવન પર થતી અસરોનો અભ્યાસ કરે છે. જ્યારે શિક્ષણનું સમાજશાસ્ત્ર ફકત શિક્ષણના ક્ષેત્રે થતી માણસ-માણસ વચ્ચેની આંતરક્રિયાનો અને સંબંધોનો અભ્યાસ કરે છે. આમસમાજશાસ્ત્રકરતાં શિક્ષણના સમાજશાસ્ત્રનું ક્ષેત્ર મર્યાદિત છે. શિક્ષણનું સમાજશાસ્ત્ર એ સમાજશાસ્ત્રની એક પેટા શાખા છે. જે સમગ્ર સમાજવ્યવસ્થા સાથેના તેના સંબંધોનો અભ્યાસ કરે છે.

શિક્ષણનું સમાજશાસ્ત્ર અને શૈક્ષણિક સમાજશાસ્ત્રમાં પણ ભિન્નતા જોવા મળે છે. શિક્ષણનું સમાજશાસ્ત્ર સામાજિક સંસ્થાઓ અને લોકોના અનુભવો શિક્ષણના ક્ષેત્રમાં કઈ રીતે અસર કરે છે. અને કેવા પરિણામો લાવે છે તેનો અભ્યાસ કરે છે. જ્યારે શૈક્ષણિક સમાજશાસ્ત્ર એ થયેલા સમાજશાસ્ત્રીય સંશોધનોને શિક્ષણમાં કાર્યન્વિત કરવા તે બાબતોનો અભ્યાસ કરે છે. શિક્ષણનું સમાજશાસ્ત્રએ સિધ્ધાંતોનું ક્ષેત્ર છે, જ્યારે શૈક્ષણિક સમાજશાસ્ત્ર વ્યવહારાત્મક વિનિયોગ કરવા અંગેનું ક્ષેત્ર છે. શિક્ષણનું સમાજશાસ્ત્ર શિક્ષણની વ્યકિતગતસિધ્ધિઓ કે પરિણામ ઉપર વધુ ભાર આપે છે, જ્યારે શૈક્ષણિક સમાજશાસ્ત્ર ભવિષ્યના લાભ માટે નવા-નવા સંશોધન, નવી યોજના દ્વારા શિક્ષણમાં કઈ રીતે સુધારણા કરી શકાય તેના પર ભાર મૂકે છે. આમ,સમાજશાસ્ત્રએ માનવીય સમાજનું વેજ્ઞાનિક પધ્ધતિથી અભ્યાસ કરતું શાસ્ત્ર છે. જેમાં ઘણી પેટા શાખાઓ આવેલી છે. શિક્ષણનું સમાજશાસ્ત્ર પણ સમાજશાસ્ત્રની એક પેટાશાખા છે. જ્યારે બીજી બાજુ શૈક્ષણિક સમાજશાસ્ત્ર સમાજશાસ્ત્રીય સંશોધનોને શિક્ષણની સમસ્યાઓને દૂર કરવામાં ઉપયોગી થાય છે.

**ઉપસંહાર :**

શૈક્ષણિક સમાજશાસ્ત્ર સમાજની સંસ્કૃતિ, મૂલ્યો પર થયેલા સંશોધનો વડે શિક્ષણની ગુણવતામાં સુધારો લાવવા સૂચનો અને પધ્ધતિઓ સૂચવે છે. આમ શૈક્ષણિક સમાજશાસ્ત્ર શિક્ષણના ક્ષેત્રના ગહન પરીક્ષણ સાથે જોડાયેલ છે. શૈક્ષણિક સમાજશાસ્ત્ર એ સમાજશાસ્ત્રીઓ અનેકેળવણીકારો બંનેને તેમના કાર્યક્ષેત્રમાં ઉપયોગમાં આવે છે. આમ,સમાજશાસ્ત્ર અને શિક્ષણમાં થતું સંશોધન શૈક્ષણિક સમાજશાસ્ત્રને ઉપયોગી બનાવે છે. વિદ્યાર્થીઓમાં રહેલી ક્ષમતા

શિક્ષણમાં અગત્યનો ભાગ ભજવે છે.શિક્ષણનું સમાજશાસ્ત્ર અને શૈક્ષણિક સમાજશાસ્ત્ર બંને એક જ વિદ્યાશાખાના જુદા-જુદા અભિગમો છે. શૈક્ષણિક સમાજશાસ્ત્ર શિક્ષણના સામાજિક સમસ્યાપર પ્રકાશ ફેંકે છે,જ્યારે શિક્ષણનું સમાજશાસ્ત્ર શિક્ષણના સામાજિક ક્ષેત્રનો અભ્યાસ કરે છે. છતાં પણ પ્રવર્તમાન સમયમાં શિક્ષણનું સમાજશાસ્ત્ર એવોસર્વસામાન્ય શબ્દપ્રયોગ થાય છે.

**સંદર્ભસૂચિ :**


- Payne .E. George : 'Principles of educational Sociology-An outline,'New York university Press. New York. (1928)
- Durkheim, E. : 'Education and Sociology,' Tr. in English, New York. Free Press. (1956)
- Dube S. c. : Education and the Future of Society.' National Book Trust.India.
- Brown F.J. : 'Educational Sociology.' Prentice hall Inc .Eaglewood. Cliffs, N.J. Modern Asian Edition,(1965)
- Dewey, John : 'school and society' (1899)
- શાહ બી.વી. : 'શિક્ષણનું સમાજશાસ્ત્ર' યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, અમદાવાદ.